| PUBLICATION NAME : | NavGujarat Samay |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/06/2022 |
| PAGE : | 04 |

**EDIIનો 21મો પદવીદાન સમારોહ યોજાયો**

# ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના સ્વાભાવિક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરવાની જરૂર : આનંદીબેન પટેલ



» **EDIIનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિ સમકાલીન છે, જે તેના 78 ટકા પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા બિઝનેસમાં હાંસલ કરાયેલી સફળતામાં જોવા મળે છે : ઉત્તર પ્રદેશના રાજ્યપાલ**

**નવગુજરાત સમય** > અમદાવાદ

દેશમાં ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)એ શુક્રવારે તેના કેમ્પસમાં 21માં પદવીદાન સમારોહનું આયોજન કર્યું હતું. તેમાં કુલ 147 વિદ્યાર્થીને ડિપ્લોમા' અને ફેલો એનાયત કરાયા હતાં, જેમાં 139 પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં 8 વિદ્યાર્થીને ફેલો સામેલ હતાં. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું અને ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને સ્કોલોસ્ટિક મેડલ્સ એનાયત કર્યાં હતાં.

આનંદીબેન પટેલે પદવીદાન સમારોહમાં તેમના પ્રેરણાદાયી વક્તવ્યમાં કહ્યું હતું કે, "મને આનંદ છે કે એક સમાજ તરીકે આપણે ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના બીજા વિકલ્પોના સમકક્ષ મૂકવા કેન્દ્રિત પ્રયાસો હાથ ધર્યાં છે. ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના એક સ્વાભાવિક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને તેને શિક્ષણનો એક હિસ્સો બનવો જોઈએ કે જ્યાં વિદ્યાર્થીઓ નાની ઉંમરેથી જ સફળતાના ગુણો અને મૂલ્યો ગ્રહણ કરે, જેના થકી તેઓ ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના સ્વભાવિક વિકલ્પ તરીકે પસંદ કરવા પ્રેરાય." ભારત તેની વૃદ્ધિમાં ઉદ્યોગસાહસિકોના મહત્વને સમજે છે અને તેને પ્રોત્સાહન આપે છે. આ માટે દેશમાં સક્રિય પગલાં, અનુકૂળ નીતિઓ અને સહયોગી વાતાવરણ તૈયાર કરાયું છે. લખનઉમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે હું યુવાનોને ઇનોવેશન, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સના મહત્વથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરી રહી છું કારણકે આ ક્ષેત્રો દેશનું ભવિષ્ય છે."

ઇન્સ્ટિટ્યૂટના આધુનિક પ્રોગ્રામને હાઇલાઇટ કરતાં રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, "EDIIનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિઓ સમકાલીન છે તથા તેના 78 ટકા ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ બિઝનેસમાં હાંસલ કરેલી સફળતામાં તે પ્રદર્શિત થાય છે. EDIIમાં પ્રશિક્ષિત કેટલાંક ઉદ્યોગસાહસિકોએ પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ્સ ઉપર એવોર્ડ મેળવ્યાં છે."

EDIIના પ્રેસિડેન્ટ તથા IDBI બેંક લિમિટેડના એમડી અને સીઇઓ રાકેશ શર્માએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું. રાકેશ શર્માએ તેમના સ્વાગત પ્રવચનમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના ઇન્સ્ટિટ્યૂટના પ્રયાસો ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, "EDII ઇનોવેટિવ મોડલ્સ દ્વારા વિવિધ સેગમેન્ટ્સ અને સેક્ટર્સમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપી રહ્યું છે.